# સાફલ્ય ગાથા,અમદાવાદ ગ્રામ્ય.

## અઠવાડિક તા.૨૭/૦૭/૨૦૧૫ થી તા.૦૨/૦૮/૨૦૧૫

### પ્રેસનોટ

### લોદરીયાળગામે બનેલ ખૂન ના ચકચારી મર્ડર કેસ ના આરોપીઓને ઝડપી પાડતી અમદાવાદ ગ્રામ્ય પોલીસ

ગઇ તા.૨૩/૦૭/૧૫ ના ક. ૧૭/૦૦ વાગ્યાના સુમારે ફરીયાદી શ્રી જતીનભાઇ ખેગારભાઇ વાણીયારહે.મોડાસર તા સાંણદ નાઓ સાહેદ- અતુભાઇ મુકેશભાઇ તથા રાજેન્દ્ર પૂનમભાઇ સાથે અતુલભાઇના બાઇક ઉપર બાવળા બજારમાં વાળ કપાવવા માટે ગયેલા તે સમયે મૂળ બલદાણા ગામના અને હાલ બાવળા ખાતે રહેતા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને ફરીયાદીની મામાની દિકરી ને ફોન કરી હેરાન કરવા સંબધે ફરીયાદીએ ઠપકો આપતા બોલાચાલી થયેલ જેથી કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે અન્ય મિત્રોને બોલાવતા મયુર તથા અન્ય ૨ કિશોર આવતા અને હજુ વધુ માણસો આવશે તેવી ફરી/સાહેદોને ડર લાગતા બાઇક ઉપર ફરીયાદી/સાહેદો પોતાના ગામ મોડાસર જવા નિકળેલા તે સમયે સાણદ ચોકડી ખાતે મરનાર મિહીર તથા સાહેદ ઉરેન મો.સા. ઉપર સામે મળતા ફરીયાદી એ ઇશોરો કરી તેઓને પણ પાછા આવવા જણાવેલ તે સમયે આરોપીઓ બે મો.સા. થી પીછો કરી બાવળા સાણંદ રોડ ઉપર લોદરીયાળ ગામના પાટીયા નજીક ચાલુ બાઇકે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે એ ફરીયાદી ને લાકડીનો ઘા કરતા ફરીયાદી નમી ગયેલ તે વખતે પાછળ આવતા બાઇક ઉપરના સાહેદ મરનાર મહિરી ને માથામાં લાકડીનો ઘા મારતા તે નીચે પડી જતા લાકડીથી મરનાર સાહેદ મીહિર તથા સાહેદ ઉરેને મારમારવા લાગતા ફરીયાદી/સાહેદને ડર લાગતા બાવળની ઝાડીમાં સંતાઇ ગયેલ અને આરોપીઓ પોતાના વાહન લઇ પરત જતા ફરીયાદી/ સાહેદો એ ગંભીર રીતે ઇજા પામનાર મહિર તથા ઉરેન ને સારવાર માટે હોસ્પિટલ લઇ જતા રસ્તામાં મિહિરનુ મોત નિપજેલ અને ઉરેન સારવાર હેઠળ છે. મતલબેનો ખૂનનો બનાવ ચાગોદર પો.સ્ટેમાં નોધાયેલ જે બનાવની ગંભીરતા ધ્યાને લઇ પોલીસ અધિક્ષકશ્રી અમદાવાદ ગ્રામ્ય નાઓએ એલ.સી.બી પો.સ.ઇ. શ્રી એ.વાય. બલોચ નાઓને આરોપીઓ સત્વરે ઝડપિ લેવા સૂચના કરેલ તેના ભાગરૂપે પો.સ.ઇ. શ્રી એલ.સી.બી અને તેમની ટીમે આરોપીઓ સંબધે માહિતિ મેળવી પોલીસ

અધિક્ષકશ્રી નિર્લીપ્ત રાય સાહબેની સૂચના અને માર્ગ દર્શન હેઠળ શ્રી પી.ઓ ભટ્ટ નાયબ પોલીસ અધિકારી શ્રી સરખેજ નાઓએ સંયુકત રીતે ભારે જહેમતથી આ ગુન્હાના આરોપીઓને અમદાવાદ નજીક થી ઝડપિ પાડેલ છે.

## ચકચારી ખૂન કેશ ના આરોપીઓ ઝડપાયા

**(૧) મયૂર સ/ઓ કનુભાઇ અમૃતભાઇ મકવાણા ( કો.પટેલ) ઉ.વ. ૧૯ રહે. કોચરીયા, તા. બાવળા**

**(૨) વિશાલ ભાઇ સ./ઓ જાદવભાઇ હિરાભાઇ ઉ.વ. ૧૯ રહે. આદરોડા ચોકડી, બાવળા મૂળગામ ભીમ તલાવ**

**(3) કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર ઉ.વ. ૧૫**

આરોપીઓ પૈકી કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર ફરીયાદીની મામાની દિકરી ને અવાર નવાર હેરાન કરતો હોઇ ફરીયાદી એ ઠપકો આપતા તેને શબક શીખવાડવા અન્ય મિત્રોને બોલાવી મો.સા. થી ફરીયાદી/ સાહેદો નો પીછો કરી ચાલુ બાઇકે લાકડીના ઘા કરી નીચે પાડી ગંભીર ઇજાઓ પહોચાડતા સારવાર માટે લઇ જતા રસ્તામાં મરનાર સાહેદ મિહિરનુ મોત નિપજાવેલ છે.



આમ સપ્તાહ દરમ્યાન અમદાવાદ ગ્રામ્ય જીલ્લા એલ.સી.બી. ધ્વારા ચકચારી ખુન કેસના આરોપીઓને સમય મર્યાદામાં પકડી પાડી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(નિર્લિપ્તરાય)

પોલીસ અધિક્ષક

અમદાવાદ ગ્રામ્ય,અમદાવાદ